ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*વૃદ્ધાવસ્થામાં 'આસપાસ'નાં માંડ બેર કરે છે,*
*થાકે આપણા સ્વભાવે, ક્રોધ માંડ જેર કરે છે!*
*ખેર પૂછે ન કોઈ, ખૂદમાં પડ્યાં, કરે છે લ્હેર -*
*બિચારી ટ્રેજરી! વર્ષે 'હયાદી'ની કેર કરે છે...*
*('હયાતી'ની સહી કરી આવજો!)*

હાઈકુ

*પૂર્વમાં પણ -*
*પગ મૂકવાનું તો -*
*થયું ઠેકાણું...*
*(ભાજપ નો 'સર્વાનંદ')*

*ચીની ભોપાળું*
*નેપાળ દે નેપાળો -*
*આ ભાઈબંધી?!*
*(વિદેશનીતિ માર ખાય છે)*

### ચિંતન

**અનવાપ્યં ન શોકેન શરીરે ચોપતપ્યતે ।**
**અમિત્રાશ્ચ પ્રહૃષ્યન્તિ માસ્મ શોકે મનઃ કૃથાઃ ॥**

શોકથી મન વ્યગ્ર રહે છે - દુઃખી રહે છે તેથી મનને શોકથી મુક્ત રાખવું :

"શોક કરવાથી કશું મળતુંન થી. નાશ પામેલું - ગયેલું - ખોવાયેલું કંઈ પાછું આવતું નથી. તેથી ગયેલાંનો શોક કરી મનને સંતાપમાં ન રાખવું. સતત ચિંતાના ભારથી શરીર તપી જાય 'તાવ' જેવી પરિસ્થિતિ શારીરિક તંદુરસ્તી આરોગ્યને નૂકશાન કરે છે. રોગ આવે છે.

વળી શોકમાં રહેવાથી આપણને દુઃખી જોઈ આપણા વિરોધી-દુશ્મનો-હિતશત્રુઓ ને આનંદ થાય છે અને મનમાં આપણી હાલ જોઈને પ્રસન્નતા અનુભવે છે."

તેથી મનમાં કદાપિ શોક ન કરવો આજની - અત્યારની ઘડીનો આનંદ માણવો.

### સુવિચાર

- દરેક માણસ અનુભવે એવું શીખે છે કે જો તે બીજાઓને મદદરુપ થવાનું રાખે તો બીજાઓ તેને મદદરુપ થશે - **ડાર્વિન**
- અંધારું અને એકાંત માનવ સ્વરુપને જેમ છે તેમ જોવાનાં બે સર્ચ એન્જીન છે - **જનકલ્યાણ**
- આત્મગૌરવ એટલે મનુષ્યનો પોતાની જાત પ્રત્યેનો આદર - **ગુણવંત શાહ**
- વિષ્ણુ એ લક્ષ્મીને વરદાન આપતી વખતે કહ્યું કે તારું આપેલું હું છીનવી શકું છું પણ સરસ્વતીએ આપેલું છીનવી શકાતું નથી - **અખંડ આનંદ**
- અંગ્રેજી I એટલે 'હું' આડો પાડો તો પુલ થઈ જાય છે - **મિલ્ટન**
- અંધકાર આપણો વર્તમાન છે અને પ્રકાશ આપણું શમણું !! - **રજનીશ**
- સૂર્ય પૃથ્વી પર પોતાની ચેતના પહોંચાડનાર પ્રભુનો આંગડિયો છે - **લાભશંકર ઠાકર**
- આજનું ઔષધ : ગોખરું પાઉડર અને સૂંઠ સરખે ભાગે લઈ ઉકાળો કરી રોજ પીવાથી સાંધાના દુઃખાવામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

લુચ્ચા અને સ્વાર્થી માણસો શરુઆતમાં પ્રિય અને મીઠું મીઠું બોલી વિશ્વાસ સંપાદન કરી લે છે પછી સમય જોઈ વિશ્વાસઘાત કરે ત્યારે ભોળા-ભદ્રિક-સરળ સ્વભાવના લોકોને 'રડવા' માટે કોઠી પણ મળતી નથી.

એક લુચ્ચો પડોશી, સજ્જન પાસે પાંચ મોટાં તપેલાં માગવા ગયો કહ્યું ભોજન સમારંભ છે પછી આપને પાછાં આપી દઈશ. ભોજન સમારંભના બે દિવસ પછી પેલો લુચ્ચો શેઠ પાંચ તપેલાં સાથે પાંચ વાટકા પણ આપી ગયો! કહ્યું એક ખંડમાં તમારાં આ તપેલાં રાખ્યાં હતા, તેથી ત્યાં તમારા તપેલાએ આ વાટકાને જન્મ આપ્યો લાગે છે. એના પર તમારો હક થાય! મારે એનું શું કામ?

પડોશીને એની મૂર્ખાઈ ગમી - કંઈ બોલ્યા વિના પાંચ વાટકા પણ રાખી લીધા.... થોડા દિવસ પછી, ફરી પેલો લુચ્ચો આવ્યો અને પાંચ પેલાં તપેલાં માંગ્યા... આ વખતે પડોશીએ તપેલાં સાથે તેને ઢાંકવાના મોટાં છીબા (ત્રાસ) પણ આપ્યા...

દસ બાર દિવસ પછી ગયા. વાસણ આવ્યાં નહીં તેથી પડોશીએ માંગ્યા - પેલો શઠ કહે - તમારા વાસણને ડીલીવરીમાં મૃત્યુ થઈ ગયું. રાતોરાત સ્મશાને જ પહોંચાડી દીધાં! આ પાંચ છીબાં પાંછા લ્યો!! પડોશી શું બોલે? બઘવાઈ ગયો.

## મહાનાયક અને રાષ્ટ્રનાયકની જુગલબંધી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજયારોહણની બીજી વરસ ગાંઠ ઊજવવાની હોંશ ભારતીય જનતા પાર્ટીને હોય એથી વધારે એમના પ્રશંસક બોલીવુડ કલાકારોને છે, એવી છાપ ઊભી થઈ રહી છે. અનુપમ ખેર અસ્ખલિત વાક્પ્રવાહ અને જડબેસલાક દલીલોથી મોદી વિરોધી બૌદ્ધિકોની બોલતી બંધ કરનારા ભાજપ સમર્થક અને મોદી પ્રશંસક તરીકે ઊપસી આવ્યાં છે. એમનાં પત્ની કિરણ ખેર ચંડીગઢની બેઠક પર પવન બંસલ જેવા વરિષ્ઠ કોંગ્રેસી અગ્રણીને હરાવીને સંસદ શોભાવી રહ્યાં છે. ખુદ અનુપમ ખેર ભાજપના સ્ટાર પ્રચારક તરીકે કાર્યરત રહ્યા છે - અલબત્ત, પોતે કોઈ પાર્ટીના સભ્ય નહીં હોવાનો દાવો કરી માત્ર સુશાસન અને કુશાસનની લડાઈમાં પોતે એક નાગરિક તરીકે સુશાસનના પક્ષે રહેતા હોવાની વાત જનતાના ગળે ઉતારવા મથે છે. મોદી પોતાને દેશસેવા માટે કોઈ પણ જવાબદારી સોંપે તો તે સ્વીકારવાની આ કાશ્મીરી પંડિતની પૂરી તૈયારી છે, પણ હજુ સુધી એવી કોઈ વિશેષ જવાબદારી એમને સોંપવાની ભૂલ ચાણક્ય બુદ્ધિ ધરાવતા વડાપ્રધાને કરી નથી. રાષ્ટ્રપતિ દ્વારા નિયુક્ત સદસ્ય તરીકે રાજયસભામાં પહોંચી જવા થનગની રહેલા આ 'પદ્મભૂષણ' અભિનેતાને પુરસ્કારો પાછા ઠેલનારા મોદી વિરોધીઓ સામે મોરચો કાઢ્યો હતો તે યાદ હશે. હવે ઈંડિયા ગેટ પર ઉજવનારા મોદી મહોત્સવમાં બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન પણ ભાગ લઈ રહ્યા છે. તેઓ આખો પ્રોગ્રામ 'હોસ્ટ' કરી રહ્યાના સમાચારો વહેતા થયા ત્યારે કોંગ્રેસી આગેવાનોએ 'પનામા પેપર્સ'માં જેનું નામ આવ્યું છે, વિદેશી સંસ્થાઓમાં રોકાણ કરીને જેમણે ટેક્સ ચોરી કરી કાળાં નાણાંનો વેપરો માંડ્યો છે. 'એવા લોકો' સાથે મંચ શૅર કરવા બદલ મોદી સરાકરની ઝાટકણી કાઢવાની તક કોંગ્રેસ જવા દે ખરી? કયારેક આ જ અમિતાભ બચ્ચન ગાંધી પરિવારના સૌથી લાડકા સ્વજનો પૈકીના એ હતા. અલ્હાબાદની પ્રતિષ્ઠાની બેઠક પર બળવાખોર કોંગ્રેસી નેતા એચ.એન. બહુગુણાને હરાવવા માટે મિત્ર રાજીવ ગાંધીએ અમિતાભને કોંગ્રેસના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા હતા. એ પછી 'છોરા ગંગા કિનારેવાલા'ની જિંદગીમાં અનેક વળાંગો આવ્યા છે. એમની પડતી દશામાં ઉત્તરપ્રદેશના ઝુઝારુ નેતા અમરસિંહ એમની વહારે ધાયા હતા. અમિતાભે મુલાયમસિંહને પિતાતુલ્ય ગણી ઉત્તરપ્રદેશના બ્રાન્ડ એમ્બેસેડરની ભૂમિકા નિભાવી હતી.

### તંત્રીસ્થાનેથી...

પરંતુ સમય જતાં એ જ અમિતાભ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર પણ બની ગયાં અને મોદી સરાકરે એમને 'ભારત રત્ન' થી વેંત છેટું પદ્મવિભૂષણનું સન્માન પણ આપી દીધું. અલબત્ત હજી સદીના મહાનાયકનાં જીવનનાયિકાં જયા ભાદુરી (બચ્ચન) મુલાયમસિંહની સમાજવાદી પાર્ટીનાં રાજયસભાનાં સદસ્યા છે. અમિતાભ બચ્ચન પ્રત્યે દેશમાં ઘણો ઊંચો અભિપ્રાય પ્રવર્તતો હોવા છતાં એમને વારંવાર રાજકીય આકા બદલવા પડ્યા છે તે જ શું સૂચક નથી? મોદી મહોત્સવના મેજબાર તરીકે નહીં પરંતુ કન્યા શિક્ષણ વિષયક નાનકડી ભૂમિકા પૂરતી જ પોતાની ભૂમિકા હોવાનું અમિતાભ બચ્ચને નિવેદન કરવું પડ્યું છે. પિતા વિશે પુત્ર અભિષેક બચ્ચને પણ આવું જ નિવેદન બહાર પાડી વિવાદ ઠારવાની કોશિશ કરી છે. ભૂમિકા નાની હોય કે મોટી - હાજરી જ મહત્ત્વની છે એ સૌ જાણે છે. આ અભિનેતાઓ ખુલ્લંખુલ્લાં મોદી સમર્થક હોવા છતાં એમની સાથે બેસતાં ક્ષોભ કેમ અનુભવતા હશે? શું આને દંભ ન કહેવાય?

## મમ્મી... હવે મારે બાળક જોઈએ છે...

નુતન નિરાશ હતી... થાકી ગઈ... બધીજ આશાઓ નિરાશામાં ફેરવાઈ ગઈ...

લગ્નના પાંચ વર્ષ થઈ ગયા. શરુઆતમાં તો નવા જમાનાના વિચારો પ્રમાણે બાળકના રહે એ માટે દવાઓ લીધી. બે વર્ષ પછી જ બાળક વિષે વિચારવું, ત્યાં સુધી બંને એક બીજાને બરાબર ઓળખી લઈએ, હરી-ફરી લઈએ, પૈસે ટકે સુખી થઈ જઈએ, બંને ધંધામાં વધારે ધ્યાન આપીને મહેનત કરીએ, એમ વિચારીને બાળક ના રાખયું. બે વર્ષ પછી બાળક ના રહેની દવાઓ બંધ કરી દીધી અને માતા-પિતા બનવાનું નક્કી કર્યું. બે ના ત્રણ, ત્રણ ના ચાર ને ચારના આજે પાંચ વરસ થયા. પણ નુતનની આશા ફળી નહિ.




નુતનની સાસુ જરા વધારે પડતી જબરી... રોજ એને મેળા-ટોળા મારે, ને નુતન રડ્યા કરે. પતિ વિક્રમને નુતન માટે કોઈ ફરિયાદ ન હતી. નુતને એની મમ્મીને બધીજ વાત કરી. સુધા બહેને એને સંતાવાતન આપતા કહ્યું બેટા, આશા કદી ના છોડવી. જો ચુપ થા. કાલે અપણે સ્ત્રી ના ડોકટરને બતાવી ને એમની સલાહ લઈએ. એ ડોકટર ગામના સીનીયર છે અને હોશિયાર છે. સાચી દોર બતાવશે.

માં-દીકરી બંને સવારે ડોકટર પાસે પહોચી ગયા. સુધા બહેને માંડીને બધી વાત કરી. ડોકટરે નુતન ને પુછયુ, બેટા તારી ઉમ્મર કેટલી ?? નુતને કહ્યું મેડમ ૩૦ વર્ષ. ડોકટર બોલ્યા જો બેટા નિરાશ ના થઈશ, હવે ઘણી બધી અદ્યતન પદ્ધતી છે , જેનાથી બાળક રહેવાની શક્યતાઓ વધી જાય છે, તું ચિંતા ના કર. હજી મોડું નથી થયું. કાલે તમે બંને પતિ-પત્ની સાથે મને મળો. પછી બધું સમજાવીશ.



ડોકટર સાથે વાત કરીને નુતન ની આશા ફરી બંધાઈ. બીજા દિવશે સવારે વિક્રમ અને નુતન બંને ડોકટર પાસે પહોચી ગયા. ડોકટરે બંને ના ફટીલીટી પ્રોફાઈલના ટેસ્ટ લખી આપ્યા. નુતનને હોર્મોનના FSH, LH, PROLACTINE, TSH, E2, AMH, LDH વગેરે.....

અને વિક્રમને વીર્યનો (SEMEN) ટેસ્ટ-ચાર દિવસ નું બ્રહ્મચર્ય પાળયા પછી અને TESTOSTERON નો ટેસ્ટ. વિક્રમને સવાલ થયો વીર્યનો ટેસ્ટ કેમ? ડોકટરે સમજાવ્યું કે વિક્રમભાઈ વીર્યમાં સ્પમના કાઉન્ટ અને એની મોટીલીટી (હલન ચલન) જોવાની હોય. જો એ રેપોટ નોર્મલ હોય અને નુતનના હોર્મોનના રિપોર્ટ પણ નોર્મલ હોય તો આપણે (Intrauterine Insemination) કરીશું. નુતને કહ્યું શું છે? એ બાળક રહે એ માટેની એક ટ્રીટમેન્ટ છે જેમાં વીર્યમાં રહેલ સ્પમને પ્રોસેસ કરીને કૃત્રિમ રીતે ગર્ભાશયમાં દાખલ કરવામાં આવે છે. જેનાથી સ્ત્રી બીજની ફળદ્રુપ થવાની શક્યતાઓ વધી જાય છે. તો મેડમ એ ખર્ચાળ હશે ને?? ના વિક્રમભાઈ એ સૌથી ઓછી ખર્ચાળ પદ્ધતિ છે. તો આપને કાલે જ લોહીના ટેસ્ટ કરાવી ને તરત જ કરાવી લેઈએ. ડોકટર બેન હસવા લાગ્યા... ના એમ ના થાય. એના માટે ચોક્કસ દિવસ નક્કી કરવો પડે. નૂતને કહ્યું કેવી રીતે ??



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

જો નુતન માસિક સ્રાવ શરુ થયાના ૧૪માં દિવસ થી ૧૭ માં દિવસ સુધીમાં કરી શકાય અને સોનોગ્રાફીની મદદ (guarded)થી પણ થાય, તો રીઝલ્ટ વધારે સારું મળે. વિક્રમભાઈ બોલ્યા મેડમ તમે જેમ કો એમ, અમે તૈયાર છીએ.

બીજા દિવસે બન્નેના રીપોર્ટ જોઈ ને ડોકટર ને આનંદ થયો. તેમણે બંને ની આશામાં ઉમેરો કરતા કહ્યું સરસ બધાજ રેપોટ નોર્મલ છે. મેડમે નુતનની માસિકના દિવસની જાણકારી લીધી. સાત દિવસ પછી કરવાનું નક્કી થયું. વિક્રમ ભાઈ હવે તમારે ફરી બ્રહ્મચર્યા પાળવાનું રહેશે અને લેબોરેટરીમાં પેથોલોજીસ્ટ ની સલાહ લઈ લેજો. મેડમ કઈ લેબોરેટરી માં ?? જો વિક્રમભાઈ સચોટ નિદાન કરતી ક્વોલીટી ની ઉચી ગુણવત્તા ધરાવતી ISO, NABL ધરાવતી પેથોલોજી લેબમાં જજો એ તમને IUI ની પ્રોસીજર વિષે જાણકારી આપશે. વિક્રમભાઈ લેબોરેટરીમાં ડોક્ટર સાહેબને મળ્યા. ડોકટર એ વિક્રમભાઈને કહ્યું સૌ પહેલા તમારે IUI કરવાના ત્રણ કલાક પહેલા વીર્ય આપવાનું રહેશે. આ જન્તુરહિત બોટલ છે. અમારી સલાહ એવી છે કે તમે વીર્ય નું સેમ્પલ અહી અમારી લેબોરેટરી માં આપો. કેમ

અનુસંધાન પાના નં. ૭ પર

## દિલ્હીના લાલ કિલ્લાનો કેસ લડનાર ગુજરાતી વકીલ કોણ હતા?

### સ્વતંત્રતા સંગ્રામનો ઇતિહાસ

(૧) ભારતને પ્રાતીંય સ્વાધીનતા કયારે મળી?
(અ) ૧૯૨૦ (બ) ૧૯૩૦
(ક) ૧૯૩૫ (ડ) ૧૯૪૦

(૨) જલીયાવાલા બાગના હત્યારા જનરલ ડાયરનું ખૂન કોણે કર્યું હતું?
(અ) સંગ્રામસિંહ (બ) ઉધમસિંહ
(ક) મંગલ પાંડે (ડ) તાત્યા ટોપે

(૩) મહાત્મા ગાંધીની દાંડી કૂચ વખતે ભારતનો ગર્વનર જનરલ કોણ હતો?
(અ) કેનીંગ (બ) ડેલ હાઉસી
(ક) જયોર્જ યૂલે (ડ) લોર્ડ ઈવનીંગ

(૪) ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામમાં અસમની ક્રાંતિની નેતૃત્વ કોણે કર્યું હતું?
(અ) દિવાન મનીરામ દત્ત (બ) સુરેન્દ્રનાથ બેનરજી
(ક) રામપ્રસાદ બિસ્મિલ (ડ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(૫) વાંડીવાશના યુદ્ધમાં અંગ્રેજોએ કોને હરાવ્યા હતા?
(અ) મોગલોને (બ) મરાઠાઓને
(ક) ફ્રેન્ચોને (ડ) પોર્ટુગીઝોને

(૬) ૧ નવમ્બરના ૧૯૧૩માં કયા સ્થળે ગદર પાર્ટીની સ્થાપના કરવામાં આવી હતી?
(અ) લંડન (બ) સીંગાપોર
(ક) કરાંચી (ડ) સાન ફ્રાન્સિસ્કો

(૭) દિલ્હીના લાલ કિલ્લાનો કેસ લડનાર ગુજરાતી વકીલ કોણ હતા?
(અ) વિઠ્ઠલભાઈ પટેલ (બ) ભૂલાભાઈ દેસાઈ
(ક) જીતુભાઈ દેસાઈ (ડ) મોહનભાઈ પટેલ



ખજાનો
અનિલ પટેલ

(૮) પ્રાર્થના સમાજની સ્થાપના કોણે કરી હતી?
(અ) અરવિંદ ઘોષ (બ) કેશવચંદ્ર સેન
(ક) જયોતિબા ફૂલે (ડ) દયાનંદ સરસ્વતી

(૯) વિરાંગના મેના કયા સ્વાતંત્ર્ય સેનાનીની પુત્રી હતી?
(અ) નાના સાહેબ પેશવા (બ) તાત્યા ટોપે
(ક) વાસુદેવ બળવંત ફડકે (ડ) વીર સાવરકર

(૧૦) ગદર પાર્ટી માટે ભારતીય યાત્રીઓને ભરીને કેનેડા લઈ જતા જાપાની જહાજનું નામ શું હતું?
(અ) લીઓના મારુ (બ) કામાગારા મારુ
(ક) જીઓનલ મારુ (ડ) કોરોમા ગારુ

(૧૧) હેદર અલી અને અંગ્રેજો વચ્ચે કયાં સ્થળે યુદ્ધ થયું હતું?
(અ) ચિતોડગઢ (બ) પાનીપત
(ક) મૈસુર (ડ) જયપુર

(૧૨) ૧૯૫૭ના સંગ્રામમાં મેરઠની આગેવાની કોણે લીધી હતી?
(અ) માધોસિંહ (બ) ભવાનસિંહ
(ક) મખનમલસિંહ (ડ) કદમસિંહ

(૧૩) મોપલા વિદ્રોહનું નેતૃત્વ કોણે કર્યું હતું?
(અ) અલી મુસલીયાર (બ) લિયાકત અલી
(ક) ખાન ખફુરખાન (ડ) ભાઈ રામસિંહ

(૧૪) સંન્યાસી વિદ્રોહ કયા રાજયમાં થયો હતો?
(અ) મુંબઈ રાજય (બ) બંગાળ
(ક) બિહાર (ડ) હૈદરાબાદ

(૧૫) બકસરનું યુદ્ધ કયારે થયું હતું?
(અ) ઈ.સ.૧૭૬૪ (બ) ઈ.સ.૧૮૫૭
(ક) ઈ.સ.૧૭૭૮ (ડ) ઈ.સ.૧૭૩૦

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૭ મે ૧૮૯૭ — સર જ્હોન કોકર્ફોર્ટ : બ્રિટીસ ભૌતિકશાસ્ત્રી, ૧૯૫૧માં ન્યુક્લીઅર સાયન્સ પર શોધ બદલ નોબેલ પારિતોષિક મળ્યું હતું
- ૨૭ મે ૧૮૮૭ — કાશીમીર ફજન્સ : પાલીસ-અમેરીકન ભૌતિક-રસાયણશાસ્ત્રી 'રેડીયો એક્ટીવ ડિસ્પ્લેસમેન્ટ લો' આપનાર વૈજ્ઞાનિક
- ૨૮ મે ૧૮૯૫ — રૂડોલ્ફ લીઓ લી મીન્કોવસ્કી : જર્મન ખગોળશાસ્ત્રી. પ્લેનેટરી નેબ્યુલા પર સંશોધન કરનાર
- ૨૮ મે ૧૮૮૭ — હગ રોબર્ટ મીલ : બ્રિટીસ જીઓગ્રાફર અને મટીરીયોલોજીસ્ટ, મટીરીયોલોજી સાયન્સમાં રિવોલ્યુશન લાવનાર
- ૨૯ મે ૧૮૮૭ — એલ. એલ, ટુસ્ટોન : અમેરીકન સાયોકોલજીસ્ટ મેન્ડલ ફન્કશન મેઝરમેન્ટ પર સંશોધન કરનાર
- ૨૯ મે ૧૮૫૭ — ચાર્લ્સ રીચાર્ડ વાન હીઝ : અમેરીકન જીઓલોજીસ્ટ, ૭.૫ કરોડ વર્ષ પહેલા લોખંડનું ફોર્મેશન કઈ રીતે થયું તે વિશે સંશોધન કરનાર
- ૩૦ મે ૧૯૦૮ — હેલ્સ એલ્ફવેન : સ્વીડનના ખગોળ-ભૌતિકશાસ્ત્રી. પ્લાઝમા ફીઝીકલના ફાઉન્ડર
- ૩૦ મે ૧૯૦૪ — સોલી થોરોપ : બ્રિટીશ ઝુઓલોજીસ્ટ : લંડન ખાતેના પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીની વર્તણૂક પર સંશોધન કરનાર
- ૩૧ મે ૧૮૭૨ — સી.જી. એબોટ : અમેરીકન ખગોળ ભૌતિકશાસ્ત્રી, સૂર્યના રેડિએશન પર સંશોધન કરનાર પ્રથમ વૈજ્ઞાનિક
- ૩૧ મે ૧૮૫૭ — બેયલી વિલ્સ : અમેરીકન જીઓલોજીસ્ટ, અમેરીકામાં આવેલ, એફાલસીયન માઈટેનની સ્ટ્રકચરલ એનાલીસીસ કરનાર
- ૧ જૂન ૧૮૧૮૯૩ — હૂગો મનસ્ટર્ગબર્ગ : જર્મન અમેરીકન સાયકોલોજીસ્ટ અને ફીલોસોફર 'એકશન થિયરી' પર સંશોધન કરનાર
- ૧ જૂન ૧૮૪૯ — ફ્રેન્સીસ એડગર સ્ટેનલી : અમેરીકન સંશોધક વરાળ સંચાલિત કાર બનાવનાર
- ૨ જૂન ૧૯૦૩ — રોબર્ટ મોરીસ પેગ : અમેરીકન ભૌતિકશાસ્ત્રી, પલ્સ રડાર ટેકનોલોજી વિકસાવનાર
- ૨ જૂન ૧૮૮૧ — હેનરી જોસેફ રાઉન્ડ : ઈંગ્લીશ ઈલેક્ટ્રોનીક્સ એન્જીનીયર. રેડિયો કોમ્યુનિકેશનમાં મોટું યોગદાન આપનાર વૈજ્ઞાનિક

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : સમાજવાદી પાર્ટીના કયા વિવાદિત અને ફાયરબ્રાન્ડ નેતાની ફરી ઘરવારસી થઈ છે અને રાજસભાના સભ્ય તરીકે નોમીનેટ કરાયા છે?**

**જવાબ : ઈટાલીન ઓગસ્ટા વેસ્ટલેન્ડ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

**(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) જયેન્દ્ર પ્રસાદ એન. પાઠક : ઈન્ફો.જુ.સા.કો (૩) ઋદજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી (૫) પંકજ પ્રજાપતિ : ઉવારસદ (૬) રેખા એમ. જાદવ : શ્રીરંગ એક્ઝોટીકા, પેટ્રોલિયમ યુનિ.રોડ (૭) હર્ષ પી. શાહ : સે-૨સી**

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**આસામના નવા મુખ્યમંત્રી તરીકે ભાજપના કયા નેતાની નિમણૂંક કરવામાં આવી ?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ક (૨) બ (૩) ડ (૪) અ (૫) ક (૬) ડ (૭) બ (૮) બ (૯) અ (૧૦) બ (૧૧) ક (૧૨) ડ (૧૩) અ (૧૪) બ (૧૫) અ

## ...ભગવાન, મારા નસીબ ખુલી ગયા, હું ખૂબ જ 'ભાગ્યશાળી' છું મારું જીવન ધન્ય બની ગયું!

આજે ઉઠવામાં કેમ મોડું કર્યું? શું બગીચે ફરવા નથી જઉં? ઉમાદેવી પોતાના પતિ વૈકુંઠરાયને સાંજના પાંચ વાગે ઉઠાડે છે. આળસ મરડતાં વૈકુંઠરાય જણાવે છે કે આજે મારે બગીચે જવાનો વિચાર નથી કારણ કે તમે ટપુને ચોકીદાર તરીકે મારી સાથે મોકલો છે. તે બગીચામાં લપસણી ઉપર કુદાકુદ કરે છે, બગીચાના ફૂલો તોડે છે અને દરવાજે ચઢીને લટકે છે. આ બધા માટે તેની પાછળ દોડવું પડે છે. તેના વાંદરવેડાં પાછળ મારાંથી દોડાદોડી થઈ શકતી નથી. એક દિવસ મારા મિત્ર ધીરજલાલે પણ ટકોર કરી હતી કે નિવૃત્તિ પછી પૌત્રને સાચવવાનો ઠેકો લીધો છે કે શું? આથી આજે હું બગીચે જવાનો નથી. ટપુ તો ક્યારનો તૈયાર થઈ તમારી રાહ જુએ છે. ઉમાદેવી બોલ્યા. એમ કરો હું હમણાં વહુને સમજાવીને આવું છું.

### ભાગ્યશાળી

વહુ બેટા, આજે તમારા સસરાજી બગીચે મોડેથી જવાના છે તેથી જો ટપુ તૈયાર હોય તો તું થોડે સુધી તેને ફરવા લઈ જા. રસ્તામાં હેરાન કરે તો બિસ્કીટ કે ચોકલેટ અપાવી દે જે. સાસુજીના બોલ ઝીલતી હોય તેમ, વહુરાણી ટપુને લઈને ફરવા નીકળે છે. દરમિયાનમાં પુત્ર નિરવ ઑફિસેથી વહેલો આવી જતાં, વહુરાણી ઘરે ન હોવાથી પુત્ર માટે ઉમાદેવી ચ્હા-નાસ્તો બનાવે છે. ચ્હા-નાસ્તો કરતાં કરતાં પત્ની રત્ના માટે પુછે છે ત્યારે જણાવે છે કે, મેં જ તેને ટપુને લઈ આંટો મારવા માટે કહ્યું તેથી આવતી જ હશે? તે દરમિયાન વહુરાણી આવે છે અને આવતાંની સાથે જ 'રત્ના જલ્દીથી તૈયાર થઈ જા, આપણે મોલ જવાનું છે. અને ત્યાંથી આખા મહિનાનું કરિયાણું લાવવાનું છે, પરંતુ મેં તો રસોઈની તૈયારી પણ કરી નથી તેથી પછીથી જવાનું રાખીયે તો? ઉમાદેવી તુરત જ બોલ્યા કે વહુ બેટા રસોઈની ચિંતા ન કરો, આજે નહિ જવાય તો અઠવાડિયા પછી જવાનું થશે તેથી આજે જ જઈ આવો.'



વાર્તા રે વાર્તા
નિરંજન ઓઝા

પુત્રવધૂ તૈયાર થઈ આવે છે, જતાં જતાં 'મમ્મીજી' અમને આવતાં મોડું થશે. તેથી તમે જમી લેજો, અમે જમવાનું બહાર જ રાખીશું, તેથી રાહ જોતા નહિ. ત્યાર પછી સાસુજી વિચારે છે કે રસોઈની તૈયારી થઈ નથી અને જમવામાં અમે બે જ છીએ તેથી તેમને ભાવતું બટેટાનું શાક અને પુલાવ કરી લઉં. ઢેબરાં કરીશ તો તેમને ખબર પડી જશે કે વહુએ રસોઈ કરી નથી. તેથી ઢેબરાને બદલે રોટલી જ કરી લઉં. આમ રસોઈની તૈયારી થાય છે. બગીચેથી ફરીને વૈકુંઠરાય આવે છે, ત્યારે હાથ-પગ ધોઈ જમવા આવવા માટે બોલાવવામાં આવે છે, વૈકુંઠરાય આવતાંની સાથે જ આજે બધાએ સાથે જમવાનું નથી? ના તેઓ બધા ખરીદી માટે બહાર ગયા છે અમે આવતાં મોડું થશે તેથી જમી લઈએ. વહુ-રાણીએ રસોઈ કરી રાખી છે.

ઉમાદેવીને જમતાં જમતાં વૈકુંઠરાય કહે છે કે, તું આમ ક્યાં સુધી ખોટું બોલી રાખીશ, બટેટાનું શાક તારા સિવાય આવું સ્વાદિષ્ટ તારી વહું બનાવી જ શકે નહીં. મને ખબર છે કે તને ઢોકળાં સરસ બનાવતાં આવડે છે, દાળઢોકળી તો તારી સિવાય બીજું કોઈ બનાવી શકે નહિ તેમ જ ઉપમા તો મોઢામાં સ્વાદ રહી જાય તેવી બનાવો છો એમ કહી તારી વહુ તારી પાસે બધુ કરાવી લે છે અને તું ફુલણશી બધુ બનાવે છે. શું આ બધું હું નથી જાણતો? કોઈ કોઈ વખતે પુત્ર કે પુત્રવધુ માટે તું ખોટું બોલે છે. તેશું હું નથી જાણતો? પરંતુ તારું આ ખોટું બોલવાનું તારે માટે પાપ નથી પરંતુ પુણ્ય છે. ઉમા ક્યાં સુધી તું આમ કરતી રહીશ?

આ સાંભળી આશ્ચર્યથી પોતાના પતિ વૈકુંઠરાયને ઉમાદેવી જોતાં જ રહ્યાં! શું તમે? આજે મારા વખાણ કરો છો. ભગવાન, મારા નસીબ ખુલી ગયા, હું ખૂબ જ 'ભાગ્યશાળી' છું મારું જીવન ધન્ય બની ગયું!

આ સાંભળી હસતાં-હસતાં વૈકુંઠરાય કહે છે કે ઉમા તારી સાથે આટલાં વર્ષો રહ્યા પછી હું પણ કોઈ કોઈ વખત ખોટું બોલી લઉં છું. આમ બોલતાં - બોલતાં, બહું જ મોડું થઈ ગયું હોવાથી વૈકુંઠરાય સૂવાની તૈયારી કરે છે. જેને આશ્ચર્યથી ઉમાદેવી જોતાં જ રહે છે.

**તું આમ ક્યાં સુધી ખોટું બોલી રાખીશ, બટેટાનું શાક તારા સિવાય આવું સ્વાદિષ્ટ તારી વહું બનાવી જ શકે નહીં...**